
# પેટ્રોલ ડીઝલમાં વધુ ભાવ વધારો

## પેટ્રોલમાં ૭૫ પૈસા અને ડીઝલમાં ૫૦ પૈસાનો વધારો : રાત્રે ૧૨ વાગ્યાથી અમલ



નવી દિલ્હી,તા. ૩

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૭૫ પૈસા અને ડિઝલની કિંમતમાં લિટરદીઠ ૫૦ પૈસાનો વધારો આજે ઝીંકી દેવામાં આવ્યો હતો. જોકે ગુજરાતમાં વેટને જોતા ભાવ વધારો વધારે રહ્યો છે. ગુજરાતમાં પેટ્રોલની કિંમતમાં આ વધારો વેટ સાથે ૯૪ પૈસાનો રહેશે. અમદાવાદમાં પેટ્રોલના નવા ભાવ વધીને લીટરદીઠ ૭૬.૧૪ થશે. આવી જ રીતે ડિઝલમાં વેટ સાથે વધારો ૬૩ પૈસાનો રહેશે. અમદાવાદમાં ડિઝલની નવી કિંમત લીટરદીઠ ૬૦.૩૪ રહેશે. ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓને હાલમાં ખૂબ નુકસાન થઈ રહ્યુ હતુ. ધારણા પ્રમાણે જ આખરે ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. લોકલ સેલ્સ ટેક્સ અને વેટને બાદ કરતા આ વધારો પેટ્રોલમાં ૭૫ પૈસા અને ડિઝલમાં ૫૦ પૈસા છે. ઉત્પાદનના ખર્ચમાં વધારો અને ડોલર સામે રૂપિયામાં ઘટાડો થતા ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમત છેલ્લે ૨૧મી ડિસેમ્બરના દિવસે વેટ સિવાય લીટરદીઠ ૪૧ પૈસા વધારવામાં આવી હતી. પેટ્રોલની કિંમત વધારવામાં આવ્યા બાદ આને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. સરકારે પેટ્રોલ પંપ ડિલરોને ચૂકવવામાં આવતા કમિશનને વધારવામાં આવતા પેટ્રોલની કિંમતમાં વધારો થયો હતો. પેટ્રોલની કિંમત હવે દિલ્હીમાં વધીને ૭૨.૪૩ રૂપિયા થશે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૧ પૈસા વધશે જે હાલમાં ૭૧.૫૨ રૂપિયા છે. આવી જ રીતે દિલ્હીમાં ડિઝલની કિમત ૫૬ પૈસા વધશે જેમાં ટેક્સનો સમાવેશ થાય છે. ડિઝલની કિંમત લીટરદીઠ ૫૪.૩૪ થઈ ગઈ છે. જ્યારે મુંબઈમાં હવે ડિઝલની કિંમત ૬૧.૪૨ થશે જે હાલમાં ૬૦.૮૦ રૂપિયા છે. ડિઝલની કિંમતમાં વધારો જાન્યુઆરી ૨૦૧૩માંહાથ ધરવામાં આવેલી હિલચાલના ભાગરૂપે છે. જ્યાં સુધી ફ્યુઅલ પર સંપૂર્ણ નુકસાનની ભરપાઈ ન થાય ત્યાં સુધી ભાવ વધારો જારી રાખવામાં આવશે. ભાવ વધારા અંગેની જાહેરાત કરતા દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલર કંપની ઈન્ડિય ઓઈલે કહ્યુ છે કે ગયા જાન્યુઆરી મહિના બાદથી ૧૨મી વખત વધારો કરવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓને ફ્યુઅલના વેચાણ પર હાલ લીટરદીઠ ૯.૨૪નું નુકસાન થઈ રહ્યુ છે. કિંમતોમાં વધારો પહેલી જાન્યુઆરીના દિવસે કરવામાં આવે છે પંરતુ ઓઈલ કંપનીઓએ નવા વર્ષના અનુસંધાનમાં લોકો પર કોઈ બોજ ઝીંક્યો નહતો. પેટ્રોલીયમ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે હાલમાં જ કહ્યુ છે કે કહ્યુંછે કે ફ્યુઅલ કિંમતોમાં કોઈપણ પ્રકારના વધારામાં પેટ્રોલિયમ મંત્રાલયની હમેશા ભૂમિકા રહે છે.

**શરતો છતાં મોદીના મોટા ચાહક**

## મોદીને સમર્થન આપવા રામદેવે હવે શરતો મૂકી


જલંધર,તા. ૩

યોગ ગુરુ બાબા રામદેવ શરૂઆતથી જ ભાજપના પીએમ પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના સમર્થક રહ્યા છે. પાર્ટી તરફથી મોદીને પીએમપદના ઉમેદવાર તરીકે જાહેર કરતા પહેલા રામદેવે કહ્યુ હતુ કે જો મોદી વડાપ્રધાન પદના ઉમેદવાર બનશે નહીં તો ભાજપને તેઓ ટેકો આપશે નહીં. મોદીને શરત વગર સમર્થન આપવાની વાત કરનાર રામદેવે ભજપના પીએમ પદના ઉમેદવાર માટે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને મનાવી લેવાની વાત કરી હતી પરંતુ હવે રામદેવ સમર્થન માટે શરત મુકી રહ્યા છે. રામદેવે કહ્યુ છે કે આગામી લોકસભાની ચૂંટણીમાં તેમની સંસ્થા મોદીને સમર્થન આપશે પરંતુ વિદેશમાં પડેલા કાળા નાણાંને પરત લાવવાની વાત કરવામાં આવશે તો જ સમર્થન આપવામાં આવશે. બાબા રામદેવે આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુકે અમારા કેટલાક મુદ્દા છે જેમાં કાળા નાણાંનો મુદ્દો સામેલ છે. વિદેશી બેંકોમાં એટલી રકમ પડેલી છે કે જો તેનો યોગ્ય ઉપયોગ ભારતમાં લાવીને કરવામાં આવે તો દેશના દરેક ગામના હિસ્સામાં કરોડો રૂપિયા આવશે. આ રૂપિયાથી ભારતના દરેક ગામને વિકસિત કરી શકાશે. યોગના ક્ષેત્રમાં ક્રાંતિ લાવનાર રામદેવે કહ્યુ હતુ કે મોદી બ્લેકમની પરત લાવવાનું વચન આપશે તો તેઓ મોદીને ટેકો આપશે. મોદીએ પહેલાથી જ કાળા નાણાંને પરત લાવવાની વાત કરી છે. બાબા રામદેવે દિલ્હીમાં યોજાનારી રેલીને લઈને ઘણા મુદ્દા પર વાત કરી હતી.

# મોદી અંગે સિંહની ટિપ્પણી ખૂબ હાસ્યાસ્પદ : રાજનાથ

નવી દિલ્હી,તા. ૩

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનશે તો દેશને ભારે નુકસાન થશે તેવા વડાપ્રધાન મનમોહનસિંહના સૂચનની જોરદાર ઝાટકણી કાઢતા ભાજપ પ્રમુખ રાજનાથસિંહે વળતા પ્રહાર કર્યા હતા અને કહ્યુ હતુ કે મોદી અંગે મનમોહનસિંહની ટિપ્પણી હાસ્યાસ્પદ છે. આ ખૂબજ કમનસીબ બાબત છે કે ખાસ તપાસ ટીમ અને કોર્ટ દ્વારા નરેન્દ્ર મોદીને ક્લિનચીટ આપી દેવામાં આવી છે છતાં પણ આ પ્રકારના નિવેદન થઈ રહ્યા છે. ભાજપ પ્રમુખે કહ્યુ હતુ કે યુપીએ સરકારમાં સત્તાને બે કેન્દ્રો ચાલી રહ્યા છે. ભાજપ પર ઘણા સમયથી બિનજરૂરી આક્ષેપો થઈ રહ્યા છે. રાજનાથસિંહે એમ પણ કહ્યુ હતુકે વડાપ્રધાને આ વાત કબૂલી છે



કે આગામી સરકાર યુપીએની રહેશે નહીં આ જ કારણસર તેઓ ત્રીજી અવધિ માટે પહેલાથી જ ખસી ગયા છે. ભાજપના વડાએ એમ પણ કહ્યુ હતુકે જ્યારે મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાની સમગ્ર વિશ્વમાં નોંધ લેવામાં આવી રહી છે અને દેશમાં રોલ મોડલ રાજ્ય તરીકે ગુજરાત તમામની નજરમા છે ત્યારે આ પ્રકારના નિવેદન કરવામાં આવી રહ્યા છે. મોદી દ્વારા હાથ ધરવામાં આવેલી વિકાસ પ્રક્રિયાની વિશ્વભરમાં નોંધ લેવામાં આવી રહી છે. આ ખૂબજ હાસ્યાસ્પદ નિવેદન લાગે છે. મુખ્યમંત્રી તરીકે તેમની અવધિમાં મોદીએ ગુજરાતને વિકાસની નવી ઉંચાઈ પર પહોંચાડવામાં ભૂમિકા ભજવી છે. દેશમાં ગુજરાતની ગણતરી શ્રેષ્ઠ રાજ્યો પૈકી એક કરવામાં આવે છે. ભાજપના અન્ય નેતાઓએ પણ નરેન્દ્ર મોદી અંગે વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલા સૂચન સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે જોકે કોંગ્રેસ તરફથી આ અંગેની કોઈ પ્રતિક્રિયા કરવામાં આવી નથી. સિંહે કહ્યુ હતુ કે મનમોહનસિંહ તમામ મોરચે નિષ્ફળતાની કબૂલાત આજે ફરીથી કરી ચુક્યા છે. સિંહે બેવડા પાવર સેન્ટરની વાત કરનાર ભાજપના વલણને પણ ટેકો આપ્યો છે. પત્રકાર પરિષદ દરમિયાન મનમહોનસિંહે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે કોઈ વાત કરી ન હતી. તેમની સરકાર આંતરિક અને વિદેશી સુરક્ષા મુદ્દે ફ્લોપ રહી છે. ભાજપ પ્રમુખે એમ પણ કહ્યુ હતુકે યુપીએ દ્વારા એનડીએ કરતા વધારે સારુ કામ કરવામાં આવ્યુ છે તે વાત કરવી હાસ્યાસ્પદ છે.

## દેશમાં ક્લીનીકલ ટ્રાયલના ધારાધોરણ વધુ કડક કરાશે

નવી દિલ્હી,તા. ૩

યુપીએ સરકાર ભારતમાં ક્લીનીકલ ટ્રાયલના ધારાધોરણને વધુ કઠોર કરવા માટેની કમરકસી ચૂકી છે. આવનાર દિવસોમાં આ સંદર્ભમાં નવા દિશાસૂચન જારી કરવામાં આવનાર છે. ક્લીનીકલ ટ્રાયલ માટેની દરેક બાબતની નોંધણી કરવામાં આવશે. સાથે સાથે એક્રિડેટેડની પણ વ્યવસ્થા રાખવામાં આવશે. એક્રિડેશન કાઉન્સીલની રચના કરવાના સંદર્ભમાં ત્રણ સભ્યોની એક સમીતિની પણ રચના કરવામાંઆવી ચૂકી છે. આ ત્રણ સભ્યોની સમીતિમાં એમ્સના ફાર્મા કોલોજી વિભાગના વડા વાયકે ગુપ્તાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જુદાજુદા ક્ષેત્રોના તબીબી નિષ્ણાંતોને આ ત્રણ સભ્યોની સમીતિમાં રાખવામાં આવ્યા છે. તમામ બાબતોની નોંધણી રાખવામાં આવશે. વાય કે ગુપ્તાએ કહ્યું છે કે જુદીજુદી નોંધાયેલી ઈથીક્સ કમીતિઓના સભ્યોની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. છેલ્લા ઘણા સમયથી ઘણી બધી ફરિયાદો સપાટી ઉપર આવી રહી હતી. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન હેઠળ આ કાઉન્સીલ કામ કરશે કે કેમ તે અંગે ટૂંક સમયમાં જ નિર્ણય લેવામાં આવશે. માત્ર ક્લીનીકલ્સ ટ્રાયલ્સમાં ડ્રગ્સ, ફાર્મા રિસર્ચ અને ફાર્મા કંપની દ્વારા સ્પોન્સર બાબતોને જ ધ્યાનમાં લેવામાં આવશે. સરકારી અથવા તો બિનસરકારી સંસ્થાઓને એક્રીડેટેડ કમીતિ દ્વારા મંજૂરી લેવી પડશે. શૈક્ષણિક અને જ્ઞાન ફલાવવાના હેતુસર કરવામાં આવલા ક્લીનીકલ રિસર્ચને નોંધાયેલી ઈથીક્સ કમીતિ પાસેથી મંજૂરી લેવાની જરૂર પડે તેમ ઘણા લોકો માને છે પરંતુ આ તમામ બાબતો અંગે નિષ્ણાંતો સાથે વાતચીત કરીને નિર્ણય લેવામાં આવશે. નવી દવાઓ અને ક્લીનીકલ ટ્રાયલની મંજૂરી અંગે તાજેતરમાં જ અહેવાલ જારી કરવામાં આવ્યા બાદ તેની ૨૩ ભલામણોને અમલી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચૂકી છે.

## ધૂમ-૩ને બોક્સ ઓફિસ ઉપર ભારે સફળતા

આમિરખાન અભિનિત ધૂમ-૩ ફિલ્મને બોક્સ ઓફિસ પર તેની રજુઆતના ૧૨ દિવસ બાદ પણ ભારે પ્રતિસાદ મળી રહ્યો છે. બોક્સ ઓફિસ પર આ ફિલ્મ છવાયેલી છે. આમિરખાન, અભિષેક બચ્ચન, કેટરિના કેફ અને ઉદય ચોપડા અભિનિત આ ફિલ્મને લોકો પસંદ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૩નીસૌથી મોટી ફિલ્મ ગણાઈ રહેલી ધૂમ-૩ બોક્સ ઓફિસના તમામ રેકોર્ડ તોડી દીધા છે. ધૂમ-૩ આમિરખાનની રજુ થયેલી છેલ્લી ફિલ્મ છે. થ્રિ ઈડિયટ્સ ફિલ્મ રજુ થયા બાદથી આમિર ખાનની કોઈ ફિલ્મ બોક્સ ઓફિસ પર છવાઈ ન હતી. બિઝનેસની દ્દષ્ટીએ તલાશ ફિલ્મને અભૂતપૂર્વ સફળતા મળી નહતી. બોલિવુડ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે ધૂમ - ૩ વિશ્વભરમાં૪૫૦થી વધુની કમાણી કરી ચુક્યુ છે.

## મોદી અંગે વડાપ્રધાનના સૂચનને કોંગ્રેસનું સમર્થન

નવી દિલ્હી,તા. ૩

વડાપ્રધાન મનમોહનસિંહના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અંગે નિવેદનને લઈને ભારે હોબાળો મચી ગયો છે ત્યારે એક બાજુ ભાજપે મનમોહનસિંહની ઝાટકણી કાઢી છે ત્યારે બીજી બાજુ વિદેશમંત્રી સલમાન ખુરશીદે વડાપ્રધાનને ટેકો આપ્યો છે અને તેમનો બચાવ કર્યો છે. સલમાન ખુરશીદે કહ્યુ છેકે કોંગ્રેસના અન્ય નેતાઓ પણ મોદી અંગે વડાપ્રધાનના સૂચનને ટેકો આપે છે અને આવો જ અભિપ્રાય ધરાવે છે. એક કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણએ આ મુજબની વાત કરી હતી. સલમાન ખુરશીદે કહ્યુ હતુકે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અંગે આ નિવેદન કરવા બદલ સિંહનો કોંગ્રેસના નેતાઓ આભાર માને. ભારતભરમાં પક્ષના સભ્યો આવો જ મત ધરાવે છે. અમે લાંબા સમયથી જે અભિપ્રાય ધરાવીએ છીએ તે અભિપ્રાય મનમોહનસિંહ વ્યક્ત કર્યો છે.

# સજાતીય સંબંધ : પ્રધાનોના સૂચનોથી સુપ્રીમ કોર્ટ ખફા

નવી દિલ્હી,તા. ૩

સજાતીય સેક્સ સંબંધ અંગે ચૂકાદાને લઈને કેટલાક કેન્દ્રિય પ્રધાનોના સૂચનોના મામલે સુપ્રીમ કોર્ટે આજે નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે આજે દિલ્હી હાઈકોર્ટના ચૂકાદાને ઉથલાવી દેવાના તેના ચૂકાદા અંગે પ્રતિકૂળ પ્રતિક્રિયા આપનાર પ્રધાનો સામે લાલ આંખ કરી હતી. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ દિલ્હી હાઈકોર્ટના એવા ચૂકાદાને ફગાવી દીધો હતો જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે બે પુખ્ત વયના લોકો વચ્ચે પારસ્પરિક સંમતિ સાથે સ્થાપિત થતા સજાતીય સેક્સ સંબંધો અપરાધરૂપ નથી જો કે સુપ્રીમ કોર્ટે ઠેરવ્યુ હતુ કે સજાતીય સેક્સ સંબંધો અપરાધ સમાન છે. દિલ્હી હાઈકોર્ટે થોડાક સમય પહેલા ચર્ચાસ્પદ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સજાતીય સમુદાય અને એનજીઓ તરફથી તથા કેટલાક વરિષ્ઠ પ્રધાનો, રાજકારણીઓ તરફથી આકરી પ્રતિક્રિયા આવી હતી. આ લોકો સુપ્રીમના ચૂકાદા સામે વાંધો ઉઠાવ્યો હતો. આ તમામનું કહેવું હતુ કે



સુપ્રીમ કોર્ટનો ચૂકાદો વર્તમાન સમય સાથે બંધ બેસતો નથી. આ સભ્યોએ એવો મત પણવ્યક્ત કર્યો હતો કે સંસદે સજાતીય સેક્સને કાયદાકીય બનવવા એક કાયદો પસાર કરવો જોઈએ. નાણાં પ્રધાને પી ચિદમ્બરમે પણ હાલમાં કહ્યુ હતુકે સુપ્રીમ કોર્ટનો ચુકાદો અમને ૧૮૬૦માં લઈ જશે. સુપ્રીમ કોર્ટે આજે કહ્યુ હતુ કે સજાતીય સેક્સ સંબંધો મામલે તેના ચુકાદા સામે કેટલાક પ્રધાનો દ્વારા કરવામાં આવેલા નિવેદનથી તે નાખુશ છે. સુપ્રીમ કોર્ટે પ્રધાનો સામે કોઈ આદેશ આપવાનો આજે ઈન્કાર કર્યો હતો પરંતુ કહ્યુ હતુકે ઉંચા હોદ્દા ધરાવતા લોકોએ આ પ્રકારના નિવેદન કરવા જોઈએ નહીં. અત્રે ઉલ્લેખનિય છે કે સરકારે સુપ્રીમ કોર્ટમાં પહેલા જ સમીક્ષા અરજી દાખલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છેકે સજાતીય સેક્સ સંબંધોને લઈને દેશભરમાં ભારે હોબાળો મચી ગયો હતો. આ ચુકાદા સામે લોકોએ વિવિધ પ્રતિક્રિયા આપી હતી.

## મીડિયા પર નરેન્દ્ર મોદી અને કેજરીવાલ છવાયા

નવી દિલ્હી,તા. ૩

ટેલિવિઝન ચેનલો અને સોસિયલ મીડિયા ઉપર હાલના સમયમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ છવાયેલા છે. આગામી લોકસભાની ચૂંટણીમાં યુપીએ સામે દેશની એક માત્ર આશા તરીકે જેમને જોવામાં આવી રહ્યા હતા તે નરેન્દ્ર મોદી હજુ સુધી સૌથી લોકપ્રિય બનેલા હતા પરંતુ હવે ૮મી ડિસેમ્બરના પરિણામ





દિલ્હીમાં આવ્યા બાદ કેજરીવાલની લોકપ્રિયતા પણ વધી છે. ટેલિવિઝન ચેનલો અને સોસિયલ મીડિયા દ્વારા કેજરીવાલ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી દીધી છે. નવા હીરો તરીકે તેઓ ઊભરી આવ્યા છે. લોકોના દિલોદિમાગ ઉપર છવાયેલા નરેન્દ્ર મોદી સામે ટક્કરલેવા કેજરીવાલ આગળ વધી રહ્યા છે. હાલમાં જ કરવામાં આવેલા પોલમાં જાણવા મળ્યું છે કે ૪૬૯૩ જેટલા લોકો ભાજપ અને મોદીની વાત કરી રહ્યા હતા જે પૈકી ૩૦ ટકાથી વધુ લોકો હકારાત્મક વાત કરી રહ્યા છે. જ્યારે ટ્વીટર ઉપર કેજરીવાલની ૩૪૧૮ લોકો વાત કરી રહ્યા છે. તેમને પણ એક હકારાત્મક વ્યક્તિ તરીકે જોવામાં આવી રહ્યા છે. નરેન્દ્ર મોદી કોંગ્રેસ સામે લહેર ઉપર આગળ વધી રહ્યા છે. દરેક મીડિયામાં તેમને મહત્વ અપાઈ રહ્યું છે. ટીવી, પ્રિન્ટ, વેબ અને સોસિયલ મીડિયા ઉપર મોદી દ્વારા જાળવી રાખવામાં આવેલું વર્ચસ્વ યથાવત્ છે પરંતુ હવે કેજરીવાલની પણ લોકો વાત કરી રહ્યા છે.

## દિલ્હીમાં ક્રાઈમ ગ્રાફમાં ૪૦ ટકા સુધીનો વધારો

નવી દિલ્હી,તા. ૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ક્રાઈમનો ગ્રાફ ૪૦ ટકા સુધી વધી ગયો છે. વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં વર્ષ ૨૦૧૩માં ક્રાઈમનો ગ્રાફ ૪૩.૬ ટકા વધી ગયો છે. દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સીએ આજે આ મુજબની માહિતી આપી હતી. અગાઉના વર્ષમાં ૫૧૪૭૯ કેસોની સરખામણીમાં ૨૦૧૩માં ૭૩૯૯૮ જેટલા કેસો નોંધાયા છે. બસ્સીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે પોલીસ સ્ટેશનોમાં કઠોર સૂચના આપી દેવામાં આવી છે જેમાં જણાવવામાં આવ્યુ છે કે દરેક અને દર ફરિયાદ નોંધવામાં આવે. લોકો સાથે ચેડા કરવામાં ન આવે આ જ કારણસર નોંધાયેલા કેસોની સંખ્યામાં તીવ્ર વધારો નોંધોય છે. દિલ્હીને રેપ કેપિટલ તરીકે પણ ગણવામાં આવે છે. દિલ્હીમાં ક્રાઈમનો ગ્રાફ સતત વધી રહ્યો છે. ક્રાઈમ વધવા માટે ઘણા કારણો પણ આપવામાં આવ્યા છે. દિલ્હી પોલીસની પણ વારંવાર ટીકા થઈ રહી છે.

## સતત ત્રીજા દિવસે પણ મંદી જારી : ૩૭ પોઈન્ટનું ગાબડુ

મુંબઈ,તા. ૩

ઉથલપાથલના સેશન્સ વચ્ચે શેરબજારમાં આજે ફ્લેટ સ્થિતિ રહી હતી. સતત ત્રીજા દિવસે સેન્સેક્સ ઘટીને બંધ રહ્યો હતો. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૩૭ પોઈન્ટ ઘટી ૨૦૮૫૧ની અને નિફ્ટી ૧૦ પોઈન્ટ ઘટી ૬૨૧૧ની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવાર સુધી ૧૧૧૦ કરોડના કિંમતની શેરની ખરીદી કરી હતી. એશિયન બજારો પણ આજે નબળી સ્થિતિમાં રહ્યા હતા. હેંગસેંગમાં ૨.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ ઓઈલ એન્ડ ગેસ, પાવર, મેટલ, કેપિટલ ગુડ્સમાં ૧.૨-૧.૭ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો જો કે આઈટી ઈન્ડેક્સમાં ૨.૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપમાં ૦.૬ ટકાનો ઉછાળો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ હકારાત્મક રહી હતી. ૧૨૭૪ શેરમાં તેજી અને ૧૧૮૨ શેરમાં મંદી રહી હતી. આજે સવારમાં શેરબજાર અને રૂપિયામાં કડાકો બોલી ગયો હતો. બેન્ચમાર્ક બીએસઈ સેન્સેક્સ સવારના કારોબારમાં ૧૦૯ પોઈન્ટ ઘટીને ખુલ્યો હતો. આજે સતત ત્રીજા દિવસે શેરબજારમાં ઘટાડો રહ્યો હતો. ફંડ અનેરિટેલ મૂડીરોકાણકારો વૈશ્વિક બજારોમાં નબળા પ્રવાહ વચ્ચે વેચવાલીની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહ્યા છે. સેન્સેક્સ ૧૦૯ પોઈન્ટ ઘટીને ૨૦૭૭૯ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા બે સેશનમાં સેન્સેક્સ ૨૮૩ પોઈન્ટ ગુમાવી દીધા છે. મેટલ, ઓટો, રિયાલિટી, કેપીટલ ગુડ્સ અને બેન્કીંગ સેક્ટરમાં કડાકો બોલી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં ગઈકાલે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. ઈન્ટ્રા ડે દરમિયાન એક વખતે ભારે ઘટાડો થયો બાદ અંતે આંશિક રિકવરી થઈ હોવા છતાં મોટા ઘટાડા સાથે સેન્સેક્સ બંધ રહ્યો હતો. છ સપ્તાહની અંદર બેંચમાર્ક સેન્સેક્સમાં સૌથી મોટો ઘટાડો થયો હતો. તેમાં ગઈકાલે ૨૫૨ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. આની સાથે જ સેન્સેક્સે ફરી એકવાર ૨૧૦૦૦ની સપાટી ગુમાવી હતી. પ્રોફિટ બુકિંગને લઈને અફડાતફડી રહી હતી. ઈન્ડેક્સમાં સતત બીજા સેશન્સમાં ઘટાડો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની હાલત કફોડી રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સમાં કડાકો બોલી ગયો હતો.

**હત્યારો કોણ?** (પાના નં. ૪ નું ચાલુ)

આ સમયે નિરાળીની મોટી બહેન રાજેશ્વરી કોર્ટમાં ઉપસ્થિત હતી તે આ સાંભળી નિરાળી પાસે આવી અને કહે છે કે તારે પૈસાની જરૂર હતી તો અમને વાત કરી હોત તો પૈસા મળી જાત પરંતુ તે આપણાં ભલા ભોળા પિતાજીનું ખૂન શા માટે કર્યું? પ્રત્યુત્તરમાં જરા પણ ગભરાટ વિના, નિરાળી જણાવે છે કે હું અને નિલેષ રજીસ્ટર્જ મેરેજ કરવાના હતા તેથી પૈસાની જરૂરત હતી, પિતાજીએ તો તેમના અવસાન પછી રૂપિયા દસ લાખ મળે તેમ નક્કી કર્યું હતું, આ સંજોગોમાં મારી પાસે પિતાજીનું ખૂન કર્યા સિવાય બીજો કોઇ રસ્તો ન હતો.

આ સંવાદ પછી એડવોકેટ દિપકકુમાર નામ. કોર્ટને વિનંતી કરે છે કે ખરેખર ખૂની કોણ છે તે સાક્ષીઓ તથા પુછપરછથી સાબિત થઇ ગયું છે તેથી ગુનેગારને સજા ફરમાવવા વિનંતી છે. નામ.કોર્ટે સમગ્ર પ્રકરણની છણાવટ કરતાં હુકમ કર્યો કે સાક્ષી તેમજ પુરાવાના આધારે નિરાળીએ જ ખૂન કર્યું છે તે સાબિત થાય છે તેથી નિરાળીને આજીવન કેદ તેમજ તેને મદદ કરનાર નિલેષને પાંચ વર્ષની સખ્ત કેદની સજા ફરમાવવામાં આવે છે. જયારે વિનય નિર્દોષ છે.

આમ, આ બહુ જ ગુચવાયેલ એવા રહસ્યમય 'હત્યારા કોણ'ના પ્રકરણનો રહસ્યમય અંત આવે છે.

(કથા બીજ - બકુલ ઓઝા)

**શબ્દ સેતુ** (પાના નં. ૪ નું ચાલુ)

***ફરિયાદ છે!***

પલભર ઝૂલી જોયું તો લાગ્યું, દેશ અમ આબાદ છે,
ને ગુલિસ્તાં નીરખીને લાગ્યું હુશ્નનો વરસાદ છે.
જાગી જરા જોયું તો લાગી કવિજનની કલ્પના,
વાસ્તવ મહીં ચોપાસ જુઓ ભૂખમરાનો સાદ છે!
ન્યાય, નીતિ, કાયદા, કરવેરા સરકારો રચિત,
પાળવા સહુ ગરીબને શ્રીમંત એમાં બાદ છે!
જીતવા જંગ ચૂંટણી, હાજર ઘણા છે સેવકો,
પણ ભલા ચૂંટણી પછી, સેવા નર્યા બકવાદ છે!
વર્ચસ્વ નિજપનું સ્થાપવા, સત્તા રૂપાળી માણવા,
ભરી વિષ કોમી ચોતરફ, કેવો અનોખો સ્વાદ છે?
મંત્રી સુધી કેં આવતાં, દુઃખ-દર્દને સંભાળવા,
ભરાતા 'દરબાર'માં, કોને મળી કયાં દાદ છે?
સાદગી-સંયમ તણાં, જે રોજ કરતા ભાષણો,
કયાં કયાં વસાવી મિલકતો? શું એમને કંઇ યાદ છે?
પોઢી સુંવાળી સેજ પર, બેસીને 'એન્ટી' ચેમ્બરે,
પારદર્શક વહીવટે, એમનાં જ પંકજ યાદ છે!
નિકાસ, ઝોન, માપબંધી કૈંક નુસખાઓ કર્યા,
તોય વધતા ભાવની રૈયત મહીં ફરિયાદ છે!
છાશવારે થાય છે હુમલાઓ આતંકવાદના,
પણ 'લડી લેશુ' નો થાતો સાવ દંભી નાદ છે!
અટવાય છે પ્રશ્નો 'યુનો' માં કાશ્મીર-ચીન-પાકનાં,
તોયે જુઓ આ લોકસત્તા (?) મૌનમાં બરબાદ છે!

- ભરત કવિ 'ઊર્મિલ'

***તું હસે તો પ્રિયા***

તું હસે તો પ્રિયા સવાર મારી,
તું રડે તો રાત...
તું શિતળ થઈ આવે ત્યારે,
પ્રિયા સમંદર ઉછળે સાત...
તારા છાંયા પાછળ પાછળ,
પ્રિયા થાય દોડતા ગુલાબ...
તારી ઝૂલ્ફો દેખીને,
પ્રિયા ઉડવા માંડે સૈલાબ...
તારા અજવાળામાં ઘરને,
પ્રિયા મળે ખરી નિરાંત...
તારે ટોડલે હવા મળે શી,
પ્રિયા મધુર મળે સુવાસ...
તારા પંથ પર ગગન ધરાનો,
પ્રિયા મધુરમ મળે પ્રકાશ...
તારા સ્પર્શે મારી નિર્જન,
રાત બને રળિયાત પ્રિયા....
તું હસે તો!

- ગુલાબચંદ એન. પટેલ